# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in**

**જાહેરાત ક્રમાંક : ૧૧૨/૨૦૧૮-૧૯ :** ગુજરાત સરકારના ગૃહ વિભાગ હસ્તકની નીચે દર્શાવેલ જગ્યાઓ પર **કુલ-૬૦** ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **તા.૧૫/૧૨/૨૦૧૮ (૧૩-૦૦ કલાક) થી તા.૩૧/૧૨/૨૦૧૮ (૧૩-૦૦ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :** (૧) આ જગ્યા માટે પ્રિલિમિનરી પરીક્ષા સંભવત: **તા. ૨૧/૦૪/૨૦૧૯** ના રોજ યોજવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ સંભવત: **જુન- ૨૦૧૯** માં પ્રસિધ્ધ્ કરવામાં આવશે.

(૩) શારીરિક ક્ષમતા અને માપ કસોટીનો સંભવિત માસ : **ઓગષ્ટ –સપ્ટેમ્બર –૧૯**

(૪) મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: **તા.૦૫/૧૦/૨૦૧૯ અને તા.૦૬/૧૦/૨૦૧૯** ના રોજ યોજવામાં આવશે.

(૫) રૂબરૂ મુલાકાત સંભવત: **ડીસેમ્બર-૨૦૧૯** માં યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ ગુજરાત રાજ્ય પોલીસ સેવા | ૬૦ | ૩૧ | ૧૬ | ૦૪ | ૦૯ | ૧૦ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ |

**૧.** મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરુષ ઉમેદવારોને ફાળવવામાં આવશે.

**૨. નાગરિકત્વ :** પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, (ગ) ભુતાનનો પ્રજાજન, અથવા (ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા.૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસિત, અથવા (ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશો, કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઈથીયોપીયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, હોવો જોઇશે, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ તેમણે ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂક માટે પાત્ર બનશે.

**૩. ઉંમર અને તેમાં છુટછાટ : (૧)** અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખ : ૩૧/૧૨/૨૦૧૮ ના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પૂરા કરેલા હોવા હોઇએ અને ૩૫ વર્ષ પૂરા કરેલા ન હોવા જોઈએ. **(૨)** ઉંમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. **(૩)** ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર છે. **૩.(૧)** મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવાર-પાંચ વર્ષ, **૩.(૨)** બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર-પાંચ વર્ષ **૩.(૩)** મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ, સા.અને શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર-દસ વર્ષ. (આ છુટછાટમાં મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.) **૩.(૪)** માજીસૈનિકો/અધિકારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ માટેની જોગવાઇ " For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct

recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been released:-
1) on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or 2) on account of physical disability attributable to military service or on invalidment" અનુસાર મળવાપાત્ર થશે **(૪)** આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતનાં ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. **(૫)** અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છુટછાટ મળશે નહીં.

**<u>૪. લાયકાત :</u> ૪.(૧)** પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના સેક્શન -૩ હેઠળ યુનિ. તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ. **૪.(૨)** અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરિણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. **૪.(૩)** જે ઉમેદવારોએ એમ.બી.બી.એસ.ની અથવા અન્ય કોઈ તબીબી શાખાની પરીક્ષા પસાર કરી હોય અને તેઓએ મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરતી વખતે ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ન હોય તો આવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું તેઓએ તબીબી પરીક્ષા પાસ કરેલ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેઓને મુખ્ય પરીક્ષામાં શરતી પ્રવેશ આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત સમયે અસલ પદવી પ્રમાણપત્ર અથવા યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું - પદવી પ્રમાણપત્ર મેળવવાની બધી જરૂરીયાતો ( ઈન્ટર્નશીપ પૂરી થયા સહિત ) ઉમેદવાર પૂર્ણ કરે છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **૪.(૪)** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. **૪.(૫)** ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. **૪.(૬)** નિમણૂકની તારીખે Light Motor Vehicle નું Driving License ધરાવતા હોવા જોઇએ.

**<u>૫. પગાર ધોરણ</u>** : **૫.(૧)** પે મેટ્રીક્ષ લેવલ નંબર-૮ ₹ ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. **૫.(૨)** અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમાં ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે. **૫.(૩)** ગુજરાત સરકારની નોકરીમાં હોય તેવી વ્યક્તિઓનો પગાર ગુજરાત મુલ્કી સેવા નિયમો અનુસાર ઉપર્યુકત પગાર ધોરણમાં નિયત કરવામાં આવશે. **૫.(૪)** ફરજો : સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી. **૫.(૫)** બઢતીની તકો : ઉપરોકત જગ્યાઓ પર નિમણૂક પામેલ ઉમેદવારો જે તે જગ્યાના ભરતી નિયમોનુસાર ઉપલી જગ્યાઓ પર બઢતી માટે લાયક ગણાશે.

**<u>૬. જાતિ પ્રમાણપત્ર :</u> (૧)** મૂળ ગુજરાતના અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તથા **(૨) (અ)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. **(બ)** તારીખ: ૦૧/૦૪/૨૦૧૬ ના રોજ કે ત્યારબાદ ઈસ્યુ થયેલ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે **<u>પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ (આ જાહેરાત માટે તા.૩૧/૧૨/૨૦૧૮) સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. નોંધ: ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા / સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.</u> (ક)** પરિણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ્દ કરવામાં આવશે.જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ. **(ડ)** ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. **(ઇ)** ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર / માતા-પિતા / વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છુપાવશે તો

તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર / માતા-પિતા / વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

**૭. વિધવા ઉમેદવાર :** સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવામાં માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાતમાં ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ના હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજૂ કરવાના રહેશે.

**૮.સામાન્ય શરતો :-** **(૧)** અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ,અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોને જ મળશે. **(૨)** અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. **(૩)** ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે. આથી અરજીપત્રકમાં ખૂબ ચીવટપૂર્વક વિગતો ભરવી. **(૪)** ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. **(૫)** ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ / ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

**૯. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :- ૯.(૧)** પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર ત્રણ તબક્કામાં યોજવામાં આવશે.

**(એ) પ્રિલિમિનરી પરીક્ષા :** શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણી માટેના ઉમેદવારો પસંદ કરવા;

**(બી) શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણી :** મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારો પસંદ કરવા;

**(સી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત) :** નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણ (મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ વત્તા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ) ના આધારે કરવામાં આવશે.

**૯.(૨) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | General Studies | 300 Marks | 3 hours |

**નોંધ:-** (૧) પ્રશ્નપત્ર-૧ વૈકિલ્પક પ્રકારનું **અને તેનું** સ્તર **(standard)** અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે.
(૨) પ્રશ્નપત્ર-૧ નું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

**૯.(૩) (૧) શારીરિક ક્ષમતા કસોટી :**

| ક્રમ | ઉમેદવારો ની વિગત | કસોટી | QUALIFYING STANDARD |
|---|---|---|---|
| ૧ | પુરૂષ | ૫૦૦૦ મીટર દોડ | ૨૫ મિનિટ માં |
| ૨ | મહિલા | ૧૬૦૦ મીટર દોડ | ૯ મિનિટ ૩૦ સેકન્ડ માં |

**(૨) શારીરિક માપ ચકાસણી :**

| ક્રમ | વિગત | ઉંચાઈ (સેં.મી.) | છાતીનું માપ (સે.મી.) ★ | | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | | | ફુલાવ્યા વગર (સે.મી.) | ફુલાવેલ છાતીનું (સે.મી.) | ફુલાવેલ છાતીનું પ્રમાણ (સે.મી.) | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | - | - | - | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | - | - | - | ૪૫ |

**★ફુલાવેલ છાતીનું પ્રમાણ ૫ સેમી થી ઓછું હોવું જોઇએ નહીં.**

૯.(૪) મુખ્ય પરીક્ષા (લેખિત) (conventional type) :

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | Gujarati | 200 Marks | 3 hours |
| પ્રશ્નપત્ર-૨ | English | 200 Marks | 3 hours |
| પ્રશ્નપત્ર-૩ | General Studies-I | 200 Marks | 3 hours |
| પ્રશ્નપત્ર-૪ | General Studies-II | 200 Marks | 3 hours |
| | Total | 800 Marks | |

**૯.(૫) મૌખિક કસોટી : 100 Marks ૯.(૬) અભ્યાસક્રમ : (એ) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) નો અભ્યાસક્રમ આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. જ્યારે (બી) મુખ્ય પરીક્ષા (લેખિત) નો વિષયવાર અભ્યાસક્રમ (syllabus) આયોગની વેબસાઈટ https://gpsc-ojas.gujarat.gov.in પર સમયાંતરે મુકવામાં આવશે. ૯.(૭) ગુજરાતી પેપરનું સ્તર (standard) ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૨ ના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) જેટલું રહેશે. ૯.(૮) અંગ્રેજી પેપરનું સ્તર (standard) ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-૧૨ ના અંગ્રેજી વિષય (નિમ્ન કક્ષા) જેટલું રહેશે. ૯.(૯) પ્રશ્નપત્ર-૩ અને ૪ ના પેપરનું સ્તર (standard) અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે. ૯.(૧૦) પ્રિલિમિનરી પરીક્ષા એ માત્ર screening test છે જેના ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. ૯.(૧૧) પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામને આધારે જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓના આશરે ૨૦ (વીસ) ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણીમાં પ્રવેશ આપવામાં આવશે. ૯.(૧૨) શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણી માત્ર qualifying test છે. જેના કોઇ ગુણ રહેશે નહીં. શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણીમાં સફળ થનાર ઉમેદવાર જ મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર બનશે. ૯.(૧૩) મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ ગુજરાતી ભાષા અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રનું માધ્યમ અનુક્રમે ગુજરાતી અને અંગ્રેજી રહેશે. પ્રશ્નપત્ર-૩ સામાન્ય અભ્યાસ-૧ અને પ્રશ્નપત્ર-૪ સામાન્ય અભ્યાસ-૨ ના પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે. આ પ્રશ્નપત્રોના જવાબો ગુજરાતી અથવા અંગ્રેજીમાં આપી શકાશે.**

**૧૦. પરીક્ષામાં પ્રવેશ : ૧૦.(૧)** જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. **૧૦.(૨)** જે ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણીના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓને મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજુ અરજીપત્રક ભરવાનું રહેશે. જે જરૂરી ફી અને પ્રમાણપત્રો સાથે ઉમેદવારે આયોગની કચેરીમાં મોકલી આપવાનું રહેશે. **૧૦.(૩)** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં આવી ચકાસણી જો મુખ્ય લેખિત પરીક્ષા બાદ કરવામાં આવે તો તેવી ચકાસણી અનુસાર જરૂરી જોગવાઇ ન સંતોષતા ઉમેદવારોની ઉમેદવારી કોઇપણ તબક્કે રદ્દ કરવામાં આવશે તેની ઉમેદવારોએ અચૂક નોંધ લેવી. **૧૦.(૪)** મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૧૧. પરીક્ષા કેન્દ્રોની વિગત : ૧૧.(૧)** પ્રિલિમિનરી પરીક્ષા અમદાવાદ અને ગાંધીનગર ખાતે યોજવામાં આવશે જો વધુ સંખ્યામાં ઉમેદવારોની અરજીઓ આવશે તો આયોગ દ્વારા આ સિવાયના અન્ય પરીક્ષા કેન્દ્રો ખાતે પણ યોજવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણી અને મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ / ગાંધીનગર ખાતે તથા મૌખિક કસોટી ગાંધીનગર ખાતે લેવામાં આવશે. **૧૧.(૨)** પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર તથા ઉમેદવારોની સૂચનાઓ **https://gpsc-ojas.gujarat.gov.in** વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે. **૧૧.(૩)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, શારીરિક ક્ષમતા કસોટી તથા શારીરિક માપ ચકાસણી, મુખ્ય લેખિત પરીક્ષા તથા મૌખિક કસોટીમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. **૧૧.(૪)** અનુ.જાતિ અને અનુ.જન જાતિના ઉમેદવારોને મૌખિક કસોટી માટે ગાંધીનગર આવવા માટે પોતાના રહેઠાણના સ્થળેથી ગાંધીનગર અને ગાંધીનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલવે ભાડું અથવા અગર એસ.ટી. ભાડું સરકારના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

**૧૨. મૌખિક કસોટી : ૧૨.(૧)** મુખ્ય લેખિત પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. **૧૨.(૨)** આ કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. હાજર ન રહેનાર ઉમેદવાર આખરી પસંદગી માટે પાત્ર બનશે નહીં.

**૧૩. પરિણામ : ૧૩.(૧)** આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવશે. **૧૩.(૨)** આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે. **૧૩.(૩)** આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

**૧૪. ગુણપત્રક :** **૧૪.(૧)** મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામનો રૂ.૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઑર્ડર અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે. **૧૪.(૨)** આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે. **૧૪.(૩)** ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. **મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.**

**૧૫. ગુણની પુનઃ ચકાસણી :** **૧૫.(૧)** જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ રૂ.૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે. **૧૫.(૨)** ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે. **૧૫.(૩)** ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે. **૧૫.(૪)** ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે. **૧૫.(૫)** ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન **(Revaluation)** ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ. **૧૫.(૬)** ગુણની પુનઃચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

**૧૬. નિમણૂક :** **૧૬.(૧)** ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણવત્તા ક્રમમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેના હક્ક મળી જતો નથી. **૧૬.(૨)** રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ. **૧૬.(૩)** નિમણૂક પામેલ ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. **૧૬.(૪)** ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. **૧૬.(૫)** નિમણૂક પામેલ ઉમેદવારે તાલીમમાં જતા પહેલા સરકાર નિયત કરે તેટલી રકમ અને સમય માટે security and surety bond આપવાના રહેશે. **૧૬.(૬)** નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકાર દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**૧૭. અજમાયશી સમય :** **૧૭.(૧)** નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે. **૧૭.(૨)** અજમાયશી સમય, સરકારે આ માટે નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે. **૧૭.(૩)** નિમણૂક બાદ ઉમેદવારે નિયમો મુજબ હિન્દી ભાષાની પરીક્ષા તથા સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તેવી પૂર્વ સેવા તાલીમ, ખાતાકીય પરીક્ષાઓ તથા કમાન્ડો ટ્રેનીંગ પાસ કરવાની રહેશે. **૧૭.(૪)** જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા ઉમેદવારે સરકારે નિયત કરેલા નિયમો અનુસાર ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે. **૧૭.(૫)** પરીક્ષાઓમાં નાપાસ થવાના પરિણામે ઈજાફો અટકાવવામાં કે નોકરી સમાપ્ત કરવામાં આવશે. **૧૭.(૬)** પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવવાનું રહેશે અને ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં કામગીરી બજાવવાની રહેશે.

૧૮. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીતઃ-આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૧૫/૧૨/૨૦૧૮, ૧૩.૦૦ કલાક થી તા. ૩૧/૧૨/૨૦૧૮, ૧૩.૦૦ કલાક સુધીમાં **https://gpsc-ojas.gujarat.gov.in** પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૨) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

**૧૮.(૧)** સૌ પ્રથમ **https://gpsc-ojas.gujarat.gov.in** પર જવું. **૧૮.(૨)** Apply On line Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું. **૧૮.(૩)** પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. **૧૮.(૪)** તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં **લાલ ફુદરડી (*)** નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે. **૧૮.(૫)** Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી. **૧૮.(૬)** તેની નીચે "Self declaration" માં Yes / No પર "click" કરવું. **૧૮.(૭)** હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. **૧૮.(૮)** જે આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **એક વખત અરજી Confirm થઇ ગયા પછી / બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.** **૧૮.(૯)** હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર

click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં "Upload Button" પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. **૧૮.(૧૦)** હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી. **૧૮.(૧૧)** સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જીસ **તારીખ ૩૧/૧૨/૨૦૧૮ (બપોરના ૦૧-૦૦ કલાક)** સુધીમાં ભરવાના રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. **આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.** **૧૮.(૧૨)** અનામત વર્ગના ઉમેદવારો તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ **Confirm** થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે. **૧૮.(૧૩)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી કે જેની સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**૧૯. અરજી ફી :** **(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧.(૧) પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૩૧/૧૨/૨૦૧૮ , ૧૩:૦૦ કલાક** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે.

**૧.(૨) ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે. **(૨)** રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/- ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે.

**(૩)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં.

**(૪)** મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૫)** માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૬)** ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

**(૭)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઇપણ સંજોગોમાં Screening Test(પ્રાથમિક કસોટી)/મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ

સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

**૨૦. ચેતવણીઓ :** આયોગે જે કોઈ ઉમેદવારને, **૨૦.(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, **૨૦.(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે, **૨૦.(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, **૨૦.(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, **૨૦.(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, **૨૦.(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, **૨૦.(૭)** પરીક્ષા દરમ્યાન ગેર વાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, **૨૦.(૮)** લખાણોમાં અશ્લીલ ભાષા અથવા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, **૨૦.(૯)** પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે, **૨૦.(૧૦)** પરીક્ષાના સંચાલન માટે આયોગે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, **૨૦.(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, **૨૦.(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત –(ક) આયોગ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેર લાયક ઠરાવી શકાશે., અથવા (ખ) (૧) આયોગ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. પરંતુ તે અર્થે પોતે રજૂઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજૂઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ. (ગ) જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલા લઈ શકાશે.

**૨૧. અગત્યની સૂચના : ૨૧.(૧)** ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષાખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે. **૨૧.(૨)** ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ. **ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**૨૨. ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇ લાગુ પડશે.: ૨૨.(૧)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી. **૨૨.(૨)** અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી. **૨૨.**(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે. **૨૨.(૪)** જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. **૨૨.(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.) ૨૨.(૬) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.**

**૨૩. મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવાની રહેશે. :**

**૨૩.(૧)** એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડવાનું પ્રમાણપત્ર માન્ય નથી) **૨૩.(૨)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **૨૩.(૩)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો [માર્કશીટ્સ] **૨૩.(૪)** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર **૨૩.(૫)** સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું તા. ૦૧-૦૪-૨૦૧૬ પછીની તારીખનું પ્રમાણપત્ર. **૨૩.(૬)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓએ - ૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર." **૨૩.(૭)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર ની નકલ. **૨૩.(૮)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ. **૨૩.(૯)** માજી સૈનિકના કિસ્સામાં લશ્કરના સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ડિસ્ચાર્જ બુકની નકલ.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

**નોંધ : પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ–ર જગ્યાના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છુટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ–'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજૂ કરવાના ના–વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી જરૂર જણાય તો આયોગની કચેરીથી, કચેરી સમય દરમ્યાન ટે.નં. ૦૭૯–૨૩૨૮૯૮૦ ઉપરથી મળી શકશે.**

**તા. ૧૫.૧૨.૨૦૧૮**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt.No.112/2018-19**

On line Applications are invited from 15-12-2018 (13-00 hours) to 31-12-2018 (13-00 hours) for the posts of Police Inspector (Unarmed), class-II. The reservation for S.C., S. T., S. & E. B.C., & women candidates is as under. In case of non - avaiability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

| Name of Post | Total Posts | Category wise Posts | | | | Out of Category wise posts reserved for women | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | S. & E. B. C. | S. C. | S. T. | Gen. | S. & E. B. C. | S. C. | S. T. | Phy. Dis. | Ex-Ser. |
| Police Inspector (Unarmed), class-II | 60 | 31 | 16 | 04 | 09 | 10 | 05 | 01 | 03 | 00 | 01 |

**<u>Note:-</u>** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**<u>E.Q.:-</u>** A candidate shall hold a Bachelor's degree of any University incorporated by an Act of the Parliament or State Legislature in India or other educational institution established by an Act of Parliament or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.

A candidate who has appeared or intend to appear or awaiting result of final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and attained the required qualification as advertised before the last date of submitting application for mains examination. Also the candidate must have completed 20 years of age on the last date of online application.

**<u>Pay Scale:</u>**- Pay Matrix Level No: 8 : ₹ 44,900-1,42,400 and other allowances

**<u>Age:-</u>** A candidate shall not be less than 20 years of age and not be more than 35 years of age as on 31/12/2018. Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under :+

| | | |
|---|---|---|
| 1 | S. & E. B.C., S.C. & S.T. Male candidates of Gujarat origin. | 05 years |
| 2 | Women candidates of unreserved Category | 05 years (Maximum up to 45 years) |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Ex-servicemen / Officers | For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military services and have been |

| | | |
|---|---|---|
| | | released:-<br><br>1)on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or 2) on account of physical disability attributable to military service or on invalidment. **(Maximum up to 45 years)** |
| 5 | Government Servant | No relaxation in upper age will be available to Government Servant |

The details of advertisement can be seen on website **https://gpsc.gujarat.gov.in**

(T.Y BHATT)
Secretary
Gujarat Public Service Commission

# ગુજરાત જાહેર સેવા આયોગ

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

## જાહેરાત ક્રમાંક – [૧૧૨/૨૦૧૮–૧૯] :પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી) વર્ગ–૨

**૧. નાગરિકત્વ:–**

ઉમેદવાર,

(ક)ભારતનો નાગરિક અથવા

(ખ)નેપાળનો પ્રજાજન અથવા

(ગ)ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ)તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ)મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, બાંગ્લાદેશ, બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

**૨. જન્મ તારીખ:–**

(૧)આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ.પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨)ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

**૩. વયમર્યાદા:–**

(૧)ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨)જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબ ની છુટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જ્ગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | બિન અનામત મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| 3 | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જ્ગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર છે.) | દસ વર્ષ (આ છુટછાટમાં , મહિલા માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છુટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો. ઇ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-1 and class-2 Services or posts filled by direct recruitment, the upper age limit shall be relaxed by the length of military service increased by three years in case of Ex-Serviceman and Commissioned Officers including Emergency Commissioned Officers or Short Service Commissioned Officers who have rendered at least five years military |

| | | |
|---|---|---|
| | | services and have been released:-<br><br>**1)**on completion of assignment (including those whose assignment is due to be completed within 1 year) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or **2)** on account of physical disability attributable to military service or on invalidment. **(Maximum up to 45 years)** |
| ૫ | સરકારી કર્મચારીઓ | સરકારી કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર નથી. |

**૪. શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૫. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ (ક)(ગુજરાતીમાં) ના નમુના મુજબનું પ્રમાણપત્ર અથવા ઉક્ત વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું હોવું જોઇએ.પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે,જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(૭) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા ,અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જ્ગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૮) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

**૬. માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક માં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

**૭. મહિલા ઉમેદવાર :-**

મહિલાઓની અનામત જ્ગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જ્ગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશકતતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**૮. વિધવા ઉમેદવાર :–**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**૯. ના વાંધા પ્રમાણપત્ર :–**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું “ના વાંધા પ્રમાણપત્ર” રજૂ કરવાનું રહેશે.

**૧૦. ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૨. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફી :–**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્ત, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)** :-

(૧) આયોગના ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલથી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સા.શૈ.પ.વર્ગ તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ.પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૧) ઓનલાઈન જાહેરાતની અરજી કરવાની રીત ક્રમાંક: ૦૯ નીચે સુચવેલ (ઉમેદવારોને સબંધિત) પ્રમાણપત્રો અને જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય તેવા લાગુ પડતા આધાર પુરાવાની પ્રમાણિત કરેલ નકલો આયોગને મોકલવામા આવેલ અરજીપત્રક સાથે જોડેલ નહીં હોય તેવા ઉમેદવારોની અરજી અધૂરી ગણીને રદ ગણવામા આવશે.

**૧૪. નિમણૂક:-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂક પત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂક ને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબજ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

## ૧૫. ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :–

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં,ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી,જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટાં નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨)ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

---